# ‘અમારો દેશ વેચવાનો નથી’ તેવા બેનર સાથે લોકોએ રસ્તા પર ઉતરવું પડે તે શરમજનક બાબત છે

સામાન્ય રીતે આ જમીન વેચવાની નથી. આ મકાન વેચવાનું નથી કે આ દુકાન વેચવાની નથી તેવા બોર્ડ ગમે તે સમયે ગમે ત્યાં જોવા મળી જતાં હોય છે પરંતુ આજે ગ્રીનલેન્ડમાં જે થયુ તે ખૂબ જ આંચકાજનક હતું કારણ કે લોકોએ ‘અમારો દેશ વેચવાનો નથી’ તેવા બેનરો લઇને રસ્તા પર ઉતરવું પડ્યું હતું.ગ્રીનલેન્ડમાં ટ્રમ્પના વિરોધમાં શનિવારે હજારો લોકો રસ્તાઓ પર ઉતરી આવ્યા હતા. લોકોએ અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પના ગ્રીનલેન્ડ પર કબજાને લઈને આપેલા નિવેદનો પર નારાજગી વ્યક્ત કરી હતી. પ્રદર્શનકારીઓએ ‘ગ્રીનલેન્ડ વેચાણ માટે નથી’ ના નારા લગાવ્યા હતા. બર્ફીલા રસ્તાઓ વચ્ચે પ્રદર્શનકારીઓ ગ્રીનલેન્ડની રાજધાની નુઉકના ડાઉનટાઉનથી અમેરિકી વાણિજ્ય દૂતાવાસ સુધી પહોંચ્યા. આ દરમિયાન તેમણે રાષ્ટ્રીય ધ્વજ લહેરાવ્યા અને વિરોધી પોસ્ટરો પકડી રાખ્યા. પોલીસના મતે આ અત્યાર સુધીનું સૌથી મોટું પ્રદર્શન માનવામાં આવી રહ્યું છે, જેમાં નુઉકની લગભગ એક-ચતુર્થાંશ વસ્તી સામેલ થઇ હતી. આ જ દરમિયાન અમેરિકાએ યુરોપના 8 દેશો પર 10% ટેરિફ લગાવવાની જાહેરાત કરી દીધી છે. આ દેશો ગ્રીનલેન્ડ પર અમેરિકાના કબજાની ધમકીનો વિરોધ કરી રહ્યા હતા. આનાથી ગ્રીનલેન્ડના લોકોમાં ટ્રમ્પને લઇને ગુસ્સો વધુ વધી ગયો છે. અમેરિકાના પ્રેસિડેન્ટે વેનેઝુએલામાં જે કૃત્ય કર્યું છે તે ધૃણાસ્પદ છે. આ કારણસર જ આખી દુનિયામાં તેમના માટે છૂપો રોષ છે. ડોનાલ્ડ ટ્રમ્પે શાનમાં સમજી જવું જોઇએ કે, તેઓ માત્ર અમેરિકાના પ્રેસિડેન્ટ છે દુનિયાના રાજા નથી.

બીજી તરફ યુરોપિયન યુનિયન (EU) ના સાંસદો અમેરિકા સાથે થયેલા ટ્રેડ એગ્રીમેન્ટને મંજૂરી આપવાનું રોકવાની તૈયારીમાં છે. યુરોપિયન પીપલ્સ પાર્ટી (EPP) ના અધ્યક્ષ મેનફ્રેડ વેબરે શનિવારે સોશિયલ મીડિયા X પર પોસ્ટ કરીને કહ્યું કે ટ્રમ્પની ગ્રીનલેન્ડ ધમકીઓના કારણે અમેરિકા સાથેના કરારને મંજૂરી આપવી શક્ય નથી.

વિશ્વના નકશા પર ઉત્તર ધ્રુવની નજીક આવેલો બરફથી આચ્છાદિત વિશાળ ટાપુ ‘ગ્રીનલેન્ડ’ લાંબા સમય સુધી માત્ર વૈજ્ઞાનિક સંશોધનો અને કુદરતી અજાયબીઓ માટે જાણીતો હતો. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોમાં ગ્રીનલેન્ડ વૈશ્વિક મહાસત્તાઓની ખેંચતાણનું કેન્દ્ર બન્યું છે, ખાસ કરીને અમેરિકા માટે. ડેનમાર્કના સ્વાયત્ત ક્ષેત્ર એવા ગ્રીનલેન્ડ પ્રત્યે અમેરિકાનો રસ માત્ર પડોશી દેશ હોવાને કારણે નથી, પરંતુ તેની પાછળ ઊંડા વ્યૂહાત્મક, આર્થિક અને પર્યાવરણીય કારણો રહેલા છે. અમેરિકા દ્વારા ગ્રીનલેન્ડ ખરીદવાની ઈચ્છા કોઈ નવી વાત નથી. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન, જ્યારે નાઝી જર્મનીએ ડેનમાર્ક પર કબજો કર્યો, ત્યારે અમેરિકાએ ગ્રીનલેન્ડનું રક્ષણ કર્યું હતું. ૧૯૪૬માં રાષ્ટ્રપતિ હેરી ટ્રુમેને ડેનમાર્કને ૧૦ કરોડ ડોલરમાં ગ્રીનલેન્ડ ખરીદવા માટે સત્તાવાર દરખાસ્ત કરી હતી. તાજેતરમાં ૨૦૧૯માં ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા પણ આ જ પ્રકારની ઈચ્છા વ્યક્ત કરવામાં આવી હતી, જેણે આંતરરાષ્ટ્રીય સ્તરે ચર્ચા જગાવી હતી. જોકે ડેનમાર્ક અને ગ્રીનલેન્ડની સરકારે સ્પષ્ટ કર્યું છે કે ગ્રીનલેન્ડ વેચાણ માટે નથી તેમ છતાં અમેરિકાનો રસ અહીં ઓછો થયો નથી. ગ્રીનલેન્ડ ઉત્તર અમેરિકા અને યુરોપની બરાબર વચ્ચે આવેલું છે. સંરક્ષણની દ્રષ્ટિએ આ વિસ્તાર ‘ગેટવે ટુ આર્કટિક’ ગણાય છે. થુલે એર બેઝ (Thule Air Base) અમેરિકાનું સૌથી ઉત્તરીય સૈન્ય મથક ગ્રીનલેન્ડમાં આવેલું છે. આ બેઝ મિસાઈલ ચેતવણી પ્રણાલી અને અવકાશ દેખરેખ માટે અત્યંત મહત્વનું છે. રશિયા આર્કટિક ક્ષેત્રમાં પોતાનું સૈન્ય પ્રભુત્વ વધારી રહ્યું છે, જ્યારે ચીન પોતાની જાતને ‘નિયર-આર્કટિક સ્ટેટ’ કહીને ‘પોલર સિલ્ક રોડ’ બનાવવાની પેરવીમાં છે. આ બંને શક્તિઓને રોકવા માટે અમેરિકા માટે ગ્રીનલેન્ડ એક કુદરતી કિલ્લા સમાન છે. આ પ્રદેશ આર્થિક સંપત્તિ અને ખનિજ ભંડાર ધરાવે છે. ગ્લોબલ વોર્મિંગને કારણે ગ્રીનલેન્ડનો બરફ પીગળી રહ્યો છે, જે દુનિયા માટે ચિંતાનો વિષય છે, પણ તે સાથે જ નવી તકો પણ ખુલી રહી છે.

સ્માર્ટફોન, ઇલેક્ટ્રિક વાહનો અને અદ્યતન શસ્ત્રો બનાવવા માટે જરૂરી ખનિજોનો વિશાળ ભંડાર ગ્રીનલેન્ડમાં હોવાનું મનાય છે. હાલમાં આ બજાર પર ચીનનો એકાધિકાર છે, જેને તોડવા માટે અમેરિકા ગ્રીનલેન્ડ સાથે ભાગીદારી કરવા આતુર છે. અહીં તેલ અને ગેસ જેવા કુદરતી ગેસ અને તેલના અખૂટ ભંડાર હોવાની શક્યતા છે, જે ભવિષ્યમાં ઉર્જા સુરક્ષા માટે મહત્વના સાબિત થઈ શકે છે. ગ્રીનલેન્ડનો ૮૦% વિસ્તાર બરફથી ઢંકાયેલો છે. જો આ બરફ સંપૂર્ણપણે પીગળી જાય, તો સમુદ્રની સપાટીમાં ૭ મીટર સુધીનો વધારો થઇ શકે છે, જે અમેરિકાના ન્યુયોર્ક અને મિયામી જેવા દરિયાકાંઠાના શહેરો માટે ખતરો છે. તેથી, પર્યાવરણીય સુરક્ષા અને આબોહવા પરિવર્તનના અભ્યાસ માટે પણ અમેરિકા અહીં સતત સક્રિય રહેવા માંગે છે. ગ્રીનલેન્ડ ભલે ડેનમાર્કનો ભાગ હોય, પરંતુ તેની પાસે પોતાની આંતરિક સરકાર છે. અમેરિકાએ તાજેતરમાં ગ્રીનલેન્ડની રાજધાની ‘નુક’ (Nuuk) માં પોતાનું કોન્સ્યુલેટ ફરીથી ખોલ્યું છે અને આર્થિક સહાયના પેકેજ જાહેર કર્યા છે. આ દર્શાવે છે કે અમેરિકા હવે સીધા ખરીદવાને બદલે ‘સોફ્ટ પાવર’ અને આર્થિક ભાગીદારી દ્વારા પોતાનો પ્રભાવ વધારવા માંગે છે. ગ્રીનલેન્ડ હવે માત્ર નકશા પરનો એક સફેદ ટાપુ નથી, પરંતુ ૨૧મી સદીની ભૌગોલિક રાજનીતિનું નવું ચેસબોર્ડ છે. અમેરિકા માટે ગ્રીનલેન્ડ સાથેના સંબંધો એ માત્ર જમીનનો ટુકડો મેળવવા માટે નથી, પરંતુ પોતાની રાષ્ટ્રીય સુરક્ષા અને આર્થિક ભવિષ્યને સુરક્ષિત કરવા માટે છે. ડેનમાર્ક અને ગ્રીનલેન્ડના લોકોની સંમતિ વિના કોઈ પણ ફેરફાર શક્ય નથી, પરંતુ એટલું ચોક્કસ છે કે આગામી દાયકાઓમાં ગ્રીનલેન્ડ અને અમેરિકા વચ્ચેના સંબંધો વિશ્વના રાજકારણને એક નવી દિશા આપશે.

# લય લચીત ગીતોનો તરતો તરાપો...

ઉષા ઉપાધ્યાયનું નામ સાંપ્રત સાહિત્યમાં જાણીતું છે. સંનિષ્ઠ અને અભ્યાસુ એવા અધ્યાપક, વિવેચક અને સંશોધનમાં સક્રિય એવા ઉષાબેન ગુજરાતી કવયિત્રીઓના અભિયાન એવા જૂઈ મેળાનાં સંસ્થાપક તરીકે પણ જાણીતાં છે. પહેલા જ કાવ્યસંગ્રહ ‘જળબિલ્લોરી’થી વિવેચકોનું ધ્યાન આકર્ષિત થયું હતું. એ પછી તો એમની પાસેથી પાંચમો કાવ્યસંગ્રહ મળી રહ્યો છે. એટલે કે સાતત્યપૂર્વક એમણે કવિતાને સેવી છે, બરાબર તપ્યાં છે. સમાન્તરે તેઓ નિરંતર મુશાયરાઓ, કવિસંમેલનો કવિતાના સંપાદનોમાં સક્રિય રહ્યા હોવાથી ગુજરાતી સાહિત્યના કાવ્યરસિકો, કાવ્યમરમીઓ વચ્ચે સતત રમતું રહેલું નામ છે. આગવી ગરવી શૈલીનાં એમનાં વ્યાખ્યાનો શિક્ષણજગતનાં લોકોમાં પ્રિય બનાવે છે. માત્ર ગુજરાત નહીં, દેશ અને વિદેશમાં નિરંતર પરિભ્રમણ કરતા ઉષાબેન પ્રકૃતિના ચાહક છે, વનવગડો અને વનવાસીઓની વચ્ચે સહજ રીતે સંવાદ સાધી શકતાં હોવાથી એમની પાસે વિશાળ રેન્જ ધરાવતું અનુભવ વિશ્વ છે અને એ અનુભવને કાવ્યપદાર્થમાં, ખાસ કરીને ગીત સ્વરૂપમાં ઢાળવાની પ્રતિભા ઉપરાન્ત અભ્યાસ પણ છે. આવા ઉષા ઉપાધ્યાયનો પાંચમો કાવ્ય સંગ્રહ તેજનો તરાપો લઈને- નામે હમણાં જ પ્રકાશિત થયો છે.

**અક્ષરની આરાધના**
**સંપાદનઃ નરેશ શુક્લ**

કવિ વિનોદ જોશીએ એમના આ કાવ્યસંગ્રહને ‘સૌંદર્યદર્શી ગીતકાવ્યોની મંજૂષા’કહીને આવકારતાં લખ્યું છે- ‘ઊર્મિકાવ્યનાં એક સ્વરૂપ તરીકે ગીતકાવ્યમાં ભાષા અર્થને ઓળંગે અને ઊર્મિની અનુભૂતિ બને તેવું થવું જોઈએ. આ સંગ્રહમાં જોઈ શકાશે કે ઘણી રચનાઓ ઊર્મિનો આવો અનુભવ આપનારી છે. તેમાં પ્રયોજાયેલાં કેટલાંક નવતર કલ્પનોમાં કાવ્યપરક તાજગી અને અપૂર્વતા છે. તે જ રીતે શ્રુતિસંતર્પક લયહિલ્લોળ પણ અહીં અનેક સ્થાને જોવા મળશે. ગુજરાતી ગીતકાવ્યની પરંપરાનું પરિશીલન આ રચનાઓમાં સર્વત્ર દેખાશે. ગુજરાતી સૌંદર્યદર્શી ગીતકાવ્યોના પરિઘમાં આ ગીતકાવ્યો તેમનું ચોક્કસ સ્થાન બનાવે છે.’(ટાઈટલ-4) જો કે, આ સંગ્રહમાં ગીતકાવ્યો સીવાયની પણ કેટલીક રચનાઓ છે, દોહરાઓ પણ છે- જો કે, કવિએ એની વાત ટાળી છે પણ મને એમાંય રસ પડ્યો છે.

આમ તો આ કાવ્યસંગ્રહને એમણે વિભાગોમાં વહેંચીને પ્રકાશિત કર્યો છે. પહેલા ખંડને શીર્ષક નથી આપ્યું. બીજા ખંડથી એ શરૂ થાય છે- વિરાસત, ગૌરવ, આગ અને મંજરી. આ ખંડોના નામ છે. એમાં વિભાજિત રચનાઓને ચોક્કસ રૂપ છે, એની થાય તો આગળ વાત કરીશ. પહેલા ખંડમાં મને સવિશેષ રસ પડ્યો. કેમકે, પ્રસ્તાવનાકાર કવિ વર્ષા પ્રજાપતિએ લખ્યાં મૂજબ- ‘પ્રસ્તુત સંગ્રહમાંથી પસાર થતાં અનુભવાશે કે અહીં પ્રકૃતિગાન એ જ કવયિત્રીનો મૂળ સ્વભાવ છે. ગીતોમાં અંગત અનુભૂતિઓનો વિષાદ નથી, પણ બિનંગત અને સાર્વત્રિક પ્રેમનું પ્રસન્નકર સ્વરે ગાન છે.’આવું વાંચ્યા પછી જ્યારે પહેલા ખંડના ગીતોમાંથી પસાર થયો ત્યારે ખરેખર મજા પડી. એકદમ સૌમ્ય, ગરવાં અધ્યાપકની અંદર રહેલી ઝાઝરમાન નારીની સૂક્ષ્મ, રણઝણતી અને ઉછળતી ભાવસમૃદ્ધિ જે ગીત સ્વરૂપમાં પ્રગટી છે એ તરફ કેમ ધ્યાન ન જાય...? પ્રેમની અનુભૂતિ, રૂસણા, ઉપાલંભ, તરસ અને મીઠી-નોંક-ઝોકમાં પ્રગટતી તડપ એમના ગીતોમાં કેટલી તો નાજૂકાઈથી આલેખન પામી છે- જો ચૂકી જઈએ તો એ ગીતોનાં સૌંદર્યથાનકો ગૂમાવી બેસીએ. વિગતે વાત કરવી શક્ય નથી પણ કેટલીક પંક્તિઓ ચાખવા માટે મૂકું છું-

એમ ઠેલ્યો ઠેલાય નહીં સાદ...! । વણઝારી વાવ જેવા વરસાદી દિવસોમાં। ઊંડે ને ઊંડે જીવ જાયા પાંપણનાં પરદાની પાછળ કૈં કેટલીય પૂતળીઓ રૂમઝૂમતી થાય (પૃ.24)

મનને ફૂટી પાંખ, પાંખના રોમરોમ પર I ઝરમર વરસે છબિ કોઈની ન્યારી, રંગ ઉઘડતાં મેઘધનુષી પરપોટા પરા જરણાંની ઝાંઝર પર જાતી વારી (પૃ.33)

નભ સરખું કોણ મને છાઈ રહે આમ, છાંય અમીયલ થઈ મળતું વેરાનમાં ।

કે પછી

નથી માંગવું, મળવું યે નહીં, ધરવી નહીં સોગાત,। હોવું એનું એ જ પળેપળ, છલકે બની મિરાત. (પૃ.35)

પ્રીતની મીંડના સાધીને સૂર સૌ, રાગ મલ્હાર આ કોણ રેલે...?

તો ગીત હોય અને કૃષ્ણ રાધા ન આવે એવું તો કઈ રીતે શક્ય છે..? જૂઓ આપણાં કવિઓએ આ લયને કેવો તો ઝૂલાવ્યો છે, ઉષા ઉપાધ્યાય પણ એમાં ઝૂલ્યા છે-

પછી ઝરમરતું આભ, પછી યમુનાનાં



પૂર,। ને પછી હૈયેથી દોડે કોઈ હરણું, ક્હાન, તારી ખુલ્લી આંખોનું હું શમણું..(પૃ.37)

હૈયાની કૂંપીમાં અમૃત સીંચે છે, કોઈ મલકાતું રોજ રોજ આવી....! હોય કે પછી, કોઈ સપનાનાં સાજને, સાતે સૂરોથી ઝંકારે...એની પ્રીતનાં અનોખાં નૂર કેવાં...કે મારા અંગેઅંગ તેજે શણગારે (પૃ.38)

આમ તો નારી સંવેદનાઓને પણ નરસિંહથી માંડીને દયારામ, ન્હાનાલાથી માંડી વિનોદ જોશી સુધીના કવિઓએ પોતાની રચનાઓમાં આલેખી છે પણ જ્યારે નારી પોતે જ પોતાનાં આંતરને શબ્દબદ્ધ કરે ત્યારે સ્વાભાવિક જ આપણને એમાં રસ પડે. કવિની દૃષ્ટિમાં કયો ફરક છે ? જોયેલું, અનુભવેલું જગત નારીની દૃષ્ટિએ ક્યાં અને કેવું જૂદું જોયું એ પણ એક રસનું કારણ હોય છે. એ બદલાયેલું, નીજી ભાવ વિશ્વની અનુભૂતિ આવી કેટલીક રચનાઓમાં ઝીલાઈ છે. આ જ વિભાગમાં પ્રકૃતિને આલેખતાં કલ્પનો, કાવ્યો છે. એમાં તત્ત્વજ્ઞાનની આછી અમથી લકીર ગીતને નાવિન્ય આપવા સાથે તાજગી પણ આપે છે. બેએક ઉદાહરણ ટાંકવા ગમશે-

રાગિણી આ કયા જનમની, ઘન સરસી થઈ વરસે...। અકળ-અદીઠા ક્યા અજંપે મન મારું આ તરસે...

જેવી રચના હોય કે જેનાથી આ સંગ્રહને શીર્ષક મળ્યું છે એ કાવ્ય ‘તેજનો તરાપો’.. પણ નોંધપાત્ર છે.

આ ખંડમાં નારીવાદી આક્રોશને તાર સ્વરે પ્રગટાવતાં ગીતોની નોંધ અવશ્ય લેવી જોઈએ. એ આક્રોશ વાજબી અને ઉચિત પણ ખરો. એવી લગભગ આઠ-દસ રચનાઓ છે. એમાં મુખર રચના છે- નરની ઓઢી ખાલ. એક વંધ્યાનું ગીત, સુગંધીલાલ, કહેવાતા બૌદ્ધિકોને- ખાસ જોવા જેવા છે. આ રચનાઓમાં પરંપરાના ચોકઠાંઓ નારીચેતનાને કઈ રીતે રૂંધે છે, કઈ રીતે કેદ કરીને રાખે છે અને એના પ્રયત્નો હજી પણ નબળાં પડ્યા નથી - નો સૂર એમની આ રચનાઓમાં ગીતરૂપે આલેખાયાં છે.

**આમ તો નારી સંવેદનાઓને પણ નરસિંહથી માંડીને દયારામ, ન્હાનાલાથી માંડી વિનોદ જોશી સુધીના કવિઓએ પોતાની રચનાઓમાં આલેખી છે પણ જ્યારે નારી પોતે જ પોતાનાં આંતરને શબ્દબદ્ધ કરે ત્યારે સ્વાભાવિક જ આપણને એમાં રસ પડે**

આ રચનાઓ તરફ વાચકોનું ધ્યાન જરૂર જવું જોઈએ.

એમાં નદી, ઝરણાં તો ઠીક વિમાનમાંથી જોયેલાં વાદળોની સૃષ્ટિને લઈને, વિદેશની ધરતી પર વિસ્મયથી જોયેલ પ્રકૃતિના રૂપોને, દરીયાના મોજાઓ હોય કે જંગલો હોય, કૂંડામાં ઊગેલી કળી હોય કે મૃત્યુનો વિષય હોય- ગીતોના વિષયોમાં અપાર વૈવિધ્ય અને આગવી દષ્ટિ જરૂર જોવા મળે છે. હા, વિ.જો.એ જેનો સંકેત કર્યો છે એ શ્રુતિ અને પરંપરાનો ભાર ઉષાબેનનાં કાવ્યમાં જનાન્તિકે સંભળાયા કરે છે.

વિરાસત-માં અનુસંધાન છે આપણાં પૂર્વજોનું મીરાં, રામ, શબરી, શિવનું. ખાસ કરીને શિવોહમ અને માં ભગવતીની સ્તુતિ ધ્યાન ખેંચે એવી છે. જો એ જાહેરમાં પાઠ કરવામાં આવે અને વારંવાર પાઠ કરવામાં આવે તો મોટા જનસમુહમાં પ્રચલિત થઈને લોક-સર્જનમાં ભળી જાય એવી સહજ સરળ અને પ્રવાહી રીતે છંદમાં આલેખાઈ છે. સીધું જ પરંપરાનું અનુસંધાન તો છે જે એમાં નીજી મુદ્રા પણ છે.

ગૌરવ-નામનાં ખંડમાં ગુજરાત અને ભારતની ધરતીનું ગૌરવ, સંસ્કૃતિ અને વારસાનું ગૌરવ આલેખતાં કાવ્યો છે. તો આગ-નામનાં ખંડમાં મોટાભાગે કુદરતી અને માનવસર્જિત આફતોને કેન્દ્રમા રાખીને કરવામાં આવેલી રચનાઓ સમાવાઈ છે. જેમકે, કેલિફોર્નિયાની આગ, પ્રદુષણ, રસ્તે પડેલ ખાડાનું ગીત, સૂરતની તાપી નદીમાં આવેલ પૂર, દુષ્કાળ પછીનું ગીર હોય કે કોરોનાને લઈને ઈશ્વરને થયેલો પ્રશ્ન હોય- આ કાવ્યોમાં એમની પ્રતિભાનો સ્પર્શ જરૂર અનુભવાય છે, ક્યાંક ક્યાં નોંખી દૃષ્ટિ પણ પ્રગટ થઈ આવી છે. માનવની કરુણ ગાથાને કવિએ પોતાની સૃષ્ટિમા જગ્યા આપી છે. મંજરી નામનાં છેલ્લાં ખંડમાં વિદેશ પ્રવાસ વેળાની અનુભૂતિઓ અને પછી પ્રકીર્ણ વિષયો સમાવ્યા છે. એમાં દોહાઓ ધ્યાન ખેંચે છે.

અઘોર વનમાં નિસર્યા, ચપટી આંસુ સાથ, ઝૂંટવી લઈને આંખને, કૌરવ વાળે દાટ

દળ-વાદળ દળતાં રહે, જળ-ઝરણાં કોરે ઘાવ, કોયલ ટહુકાં ત્રોફતા, મારે હૈયે સાજન નામ. (પૃ.109)

હજી ઘણી રચનાઓ છે જેની વિગતે અને સ્વતંત્ર રીતે વાત થઈ શકે. પણ સ્થળ મર્યાદાને કારણે એ લોભ જતો કરીને કહીશ કે પરંપરાના ખભે ઊભા રહીને ય પોતાની આગવી છાપ છોડતી આ રચનાઓ સ્વરબદ્ધ થઈ છે, હજી પણ બીજી રચનાઓ પર એમનું ધ્યાન જરૂર જશે. બાકી સૌ કોઈને ગણગણવા ગમે એવા ગીતો છે. નારી સંવેદનનું સૌમ્ય અને રૌદ્રરૂપ પણ છે અને સમાન્તરે ભક્તિ-આરાધનામાં ગોઠવાઈ જાય એવી સ્તુતિ પણ અહીં મળશે.

સ્વાગત છે ઉષા ઉપાધ્યાયના આ નવા કાવ્યસંગ્રહનું.

**(તેજનો તરાપો લઈને (કાવ્યસંગ્રહ) ઉષા ઉપાધ્યાય, પ્ર.આ. 2025, પ્રકા. ફ્લેમિંગો પબ્લિકેશન્સ, 24, શિવ ગણેશ, જેમ્સ જીનેસિસ સ્કૂલની નજીક, ખોડિયાર ગામ, વૈષ્ણોદેવી સર્કલ પાસે, અમદાવાદ-382481, કુલ પૃ- 120.00 કાચું પૂંઠુ, ડેમિ)**

# લઘુ-સ્વરૂપમાં પ્રગટતાં દશ્યો....

કવિઓ દ્વારા મુક્તકથી માંડીને મહાકાવ્યો સુધીના સ્વરૂપોમાં પોતપોતાની પસંદ અનુસાર, જરુરિયાતને આધારે અથવા તો પ્રગટ થવા મથતાં ભાવવિશ્વને અનુરૂપ કાવ્યસ્વરુપ પસંદ કરતાં હોય છે. વર્તમાન સાહિત્યમાં અનેક લઘુસ્વરૂપોમાં તરફનું વધતું વલણ જોઈ શકાય છે. રમેશ પટેલ સાતત્યપૂર્વક લઘુકાવ્યો લખતા રહ્યા છે. કાવ્યના વિવિધ સામયિકોમાં પ્રકાશિત થતા રહ્યા છે. હમણાં જ પ્રકાશિત થયેલો શિખર નામનો લઘુકાવ્યોનો સંગ્રહ આપણી સામે છે.

**સામાન્ય રીતે એવું કહેવાયું છે કે કાવ્ય એ સંગોપનની કલા છે, એટલે કે કવિ જે કહેવા માગે છે તે વ્યંજિત થઈ રહે તેવી સ્થિતિ ઉત્તમ કવિતા તરીકે વધારે મજબૂત ગણાય. જો ચિત્તમાં એ કલ્પનરૂપે વિસ્તણ પામે અને વિશિષ્ટ દશ્યરૂપ અનુભવાય તો એ પણ કવિની સફળતા ગણાઈ છે**

મોનોઈમેઝ, લઘુકાવ્યો, દશ્યાત્મક કાવ્યો કે ચિત્રાત્મક કાવ્ય- જેવી સંજ્ઞાઓથી કેટલાક વિવેચકોએ આ પ્રકારના કાવ્યો વિશે વાત કરી છે. કેટલીક રચનાઓ ચિત્તમાં આ ક્ષણે આવે છે. ખાસ કરીને સુરેશ દલાલની રચનાઓ તરત યાદ આવે. આ સંગ્રહની પ્રસ્તાવના શ્રી બિપીન આશરે લખી છે. એમણે આ કાવ્યોના વિશેષો અને મર્યાદાઓનું સમતોલ આકલન કરીને પોતાનો લેખ આપ્યો છે. એમાંથી આ કાવ્યોનો પરિચય મળી રહે છે. સામાન્ય રીતે એવું કહેવાયું છે કે કાવ્ય એ સંગોપનની કલા છે, એટલે કે કવિ જે કહેવા માગે છે તે વ્યંજિત થઈ રહે તેવી સ્થિતિ ઉત્તમ કવિતા તરીકે વધારે મજબૂત ગણાય. જો ચિત્તમાં એ કલ્પનરૂપે વિસ્તણ પામે અને વિશિષ્ટ દશ્યરૂપ અનુભવાય તો એ પણ કવિની સફળતા ગણાઈ છે. ઘણીવાર અમૂર્ત એવા સંવેદનો ચિત્તમાં ઉપસી આવે તો સ્વાભાવિક જ એ કવિતા આપણને સવિશેષ ગમવાની. કવિ મોટા પટ પર જવાનું પસંદ કરે એની પાછળના કારણો પણ જોવા જેવા હોય છે. દીર્ઘ પટ પર ધીમે ધીમે વર્ણ્ય બાબતને ઘૂંટતા જઈને ઈચ્છીત એવા ભાવને પ્રગટાવવા માટે માહોલ સર્જતો હોય છે, ચિત્ત ઉપર કબજો જમાવતાં જઈને કૃતિના ઉન્નતશિખર તરફ ગતિ કરાવતો અનુભવ આવા દીર્ઘ પટમાં શક્ય બનતો હોય છે. અર્વાચીન કાળમાં કવિતાનું કદ અનેક અર્થમાં ઘટ્યું ત્યાર પછી આ પ્રકારની ભાવકસંડોવણીનો સમય પણ ઘટ્યો. સદ્યરસાનુભવ તરફ લઈ જતાં સોનેટ, સોનેટમાળા, દીર્ઘ કાવ્યો, ખંડકાવ્યો, ગઝલ જેવા કાવ્યસ્વરૂપોની બોલબાલા વધી. એનું ભાવનરૂપ પણ બદલાતું ચાલ્યું. સમાન્તરે એક બે ચરણ કે ચાર કે છ ચરણની રચનાઓ પણ સદીઓથી



લખાતી જ આવી છે- એની અનુભૂતિ અને સદ્યસ્વીકારમાં એક જૂદા પ્રકારે પ્રસરતું ભાવન છે. એમાં ચિત્તમાં આગીયાની જેમ જબકી જતી વિસ્મયભરી ક્ષણોનો સામનો કરવાનો હોય છે. આ લઘુકાવ્યો દીર્ઘ એવા રસાનુભવ કે ચિત્તમાં સ્થાયી અસર જન્માવનારાં ભાગ્યે જ હોય છે, એ ચિત્તને અચાનક આંખ સામે થતાં ફ્લેશની જેમ સ્તબ્ધ કરે છે, ક્યારેક ચિત્તમાં ભાવને જાણે લપાટ મારીને ઉપસાવી આપે છે. એમાં ઘણું બધું હોઈ શકે- એવું વૈવિધ્ય આ લઘુકાવ્યોમાં ક્યાંક ક્યાંક છે. અને એટલે આ સંગ્રહમાં રસ પડવાનું એક કારણ છે.

કેટલાક દશ્યો મજાની અનુભૂતિ કરાવે-

બીજનાં । ચંદ્રની હોડી । તરે છે । શાંત તળાવમાં.

વૃક્ષોના છાંયડાનું । બિછાનું કરી । બપોર કરે છે । વિશ્રામ.

ફૂલો । કૅમેરા લઈ । પાડે છે ફોટો । સુગંધનો.

વૈશાખી બપોરા કંકુ ભરેલ । શીશી ઢોળાય । સૂરજના હાથે । ગુલમહોરના માથે.

જૂઓ આ દરેક સ્વતંત્ર એવી રચના છે. દરેકમાં કશીક નવી જ લાગતી દશ્યઅનુભૂતિ થાય છે. હાઇકુમાં પણ આવું જ કંઈક થતું હોય છે. આ એનાથી જૂદું જરૂર છે પણ એમાં એક સ્થિર એવી અનુભૂતિ તરફ લઈ જવાનો પ્રયાસ છે. કવિએ બહુ મોટા લક્ષ્યને નથી સિદ્ધ કરવું, ભાવકચિત્તને એક અનુભૂતિક્ષણ પર, વિચાર પર કે ચિત્ર પર કેન્દ્રીત કરાવીને ધાર્યું નિશાન પાડવું છે. અનેક કાવ્યોમાં વૃક્ષો, વેલીઓ, ફૂલ, સુગંધ, પ્રકૃતિતત્ત્વો સવિશેષ ઝીલાયા છે. એમાં કવિની જે વિચારપરંપરા ઉપસી છે એ છે માનવીય મર્યાદાઓના કારણે પ્રકૃતિને થઈ રહેલ નુકશાન, પ્રકૃતિમાં રહેલ સૌંદર્યબિંદુઓને ઉજાગર કરવા અને સમાન્તરે એને અનુરૂપ જીવવા માટેની શીખ આપવી, આમ તો આ કાવ્યો મોટાભાગે મુખર જ હોય છે, પણ એ પછીએ કેટલાક લક્ષ્યાર્થ સુધી લઈ જનારાં પણ છે, એવા કાવ્યો છે ત્યાં ભાવક તરીકે મજા પડી. પણ સાવ અભિધા સ્તરે રહી ગયેલા કાવ્યોમાં કશું જ રૂપાન્તરણ તો નથી જ નથી, સર્વસામાન્ય વિચાર જ ગળાય-ચળાયા વિના કવિતા બનવા નથી દેતો- જૂઓ

હું જ્યોતિષ-। તું જ તારું ભવિષ્ય જો, ।જેથી । તારી ગરીબાઈ મટે ।

હોય કે,

વિજ્ઞાન શિક્ષકા સત્યનારાયણની કથા કરાવે । તો માનવું જરૂર છે । કે એનામાં વૈજ્ઞાનિક અભિગમ નથી જ નથી.

આવી રચનાઓમાં કવિને કદાચ મજા આવી હશે- આટલી ખૂલ્લી સૂત્રાત્મક વાતના સીધા કથનથી કવિઓએ બચવું જોઈએ.

એકંદરે તાજગી સભર દશ્યો સર્જતા આ લઘુકાવ્યો એકવાર જરૂર માણવા ગમે. સ્વાગત છે.

**(શિખર (લઘુકાવ્ય સંગ્રહ) રમેશ પટેલ, પ્ર.આ.2025, પ્રકા. રાજેશ બુક સેલર્સ, 12।બી, પહેલા માળે, કાર્તિકસ્વામી સોસાયટી, સર્વોદયનગરની બાજુમાં, શાહપુર દરવાજા બહાર, અમદાવાદ-4, કુલ પાનાં- 93, કિં. 180.00રૂ., કાચું પૂંઠુ, ડેમિ)**

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## વીજતારમાં ફસાયેલા દોરાને બાળવામાં આવતા

સુરતમાં ઉત્તરાયણ 14 અને 15 જાન્યુઆરીએ ઉજવાય છે. પહેલાંના સમયમાં કોટ વિસ્તારમાં સુરત ઈલેક્ટ્રીસિટીની ઓવરહેડ લાઇન હતી. સુરતની શેરીઓમાં ઈલેક્ટ્રીસિટીના ખુલ્લા તારમાંથી વીજ પુરવઠો મળતો હતો. વર્તમાન સમયમાં અંડરગ્રાઉન્ડ વીજ લાઇન છે. ઉત્તરાયણના તહેવારમાં આ વીજતાર ઉપર પતંગના દોરા મોટા પ્રમાણમાં ફસાઈ જતા. ઉત્તરાયણના અઠવાડિયા પછી સુરત ઈલેક્ટ્રીસિટી દ્વારા વીજતાર પર ફસાયેલા દોરા(માંજા)ની સફાઈ માટે ખાસ અભિયાન ચલાવવામાં આવતું હતું. એક લાંબા વાંસ પર ઉપર આગ પ્રગટાવી વીજતાર પર ફસાયેલા દોરાને બાળવામાં આવતા હતા. સુરતની શેરીઓમાં વીજતારની સફાઈ કરી દોરા મુક્ત કરવામાં આવતા હતા. આ રીતે સુરત ઈલેક્ટ્રીસિટી દ્વારા આ ખાસ પ્રકારની કાળજી લેવામાં આવતી હતી. આજે સુરતના કોટ વિસ્તારમાં દરેક જગ્યાએ અંડરગ્રાઉન્ડ વીજલાઈન હોવાથી ખુલ્લા વીજતાર નથી, પરિણામે આપણે સુરક્ષિત ઉત્તરાયણનો ઉત્સવ ઉજવીએ છીએ.

**સલાબતપુરા, સુરત - કિરીટ મેઘાવાલા**

## રાહદારીઓનું વિચારશે કોણ?

વિકાસ અને શહેરીકરણની ચૂંગાલમાં સપડાઈ રહેલા અદના આદમીઓ, બચરવાળ રાહદારીઓ સવાર પડે ને રોજીરોટીની દોડભાગમાં વિકસિત થઈ રહેલ સુરત શહેરના મોટા ભાગના ક્રોસિંગસ્ ઉપર ખાસ કરીને પીક અવર્સ દરમિયાન સહુ કોઈ કામધંધા અર્થે, અવરજવર કરવી પડતી હોય છે એવા સમયે અને એક રસ્તાઓ ઉપરથી બીજી તરફની દિશામાં જતા રસ્તાઓ અને વાહનો પૈકી ખાસ કરીને શટલિયા ઓટો રીક્ષાને પકડવા કે સિટી બસના સ્ટેન્ડ ઉપર જવા માટે એકધારા વહન કરતાં બેથી ચાર ચક્રિય વાહનોની આવનજાવન મધ્યેથી ઉતાવળે ભાગદોડ કરતી જિંદગી જાનનું જોખમ ખેડે છે. આવા પ્રકારનાં દશ્યો આપણા શહેરમાં સુરતના રેલ્વે સ્ટેશન નજીક, ભાગળના રાજમાર્ગ પર, ચોકબજાર અને સહુથી વધુ જોખમી નજારા આપને અઠવાલાઈન્સ વિસ્તારના અઠવાગેટ, ચોપાટી અને જિલ્લા સેવાસદન સહિત, વાય જંક્શન અને ડુમસ રોડ ઉપર પણ નજરે ચઢશે. સંબંધિત સત્તાવાળાઓ અને જાગૃત શહેરવાસીઓ આ બાબતે ટ્રાફિક પોલીસ કમિશનર કે વિભાગ તરફ અંગુલિનિર્દેશ કરવા મદદરૂપ થશે? કે પછી જનજાગૃતિ ઝુંબેશ ને બિલ્લીપગલે નામશેષ કરશે! સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનના અને શહેર પોલીસ કમિશ્નરશ્રી સબબ બાબતે રોડસેફ્ટિ અભિયાન અંતર્ગત જરૂરિયાત મુજબનાં ભરચક ટ્રાફિક જામના પોઈન્ટ આસપાસ નજીવા ખર્ચાઓમાં મ્યુનિસિપલ તંત્રના શહેર વિકાસ વિભાગ તરફે અંગુલિનિર્દેશ કરી રાહદારીઓ માટે ફૂટઑવરબ્રિજો બનાવવાની દરખાસ્ત કરશે? જે શહેરવાસીઓના હિતમાં સાબિત થઈ શકશે.

**સોનીફળીયા, સુરત- પંકજ શાંતિલાલ મહેતા**

## વિશાળ દૃષ્ટિકોણ વાચન દ્વારા

14 મી જાન્યુ.ના ‘‘ગુજરાતમિત્ર’ની દર્પણ પૂર્તિમાં ‘સારાંશ’’ કોલમ અંતર્ગત ખૂબ અગત્યની માહિતી રજૂ થઈ. શૈશવકાળ દરમિયાન શાળામાં સમાચાર વાચન શિક્ષકો અમારી પાસે અવશ્ય કરાવતા. મુખ્ય સમાચાર સ્વગૃહેથી લખીને લઈ જઈ વર્ગમાં વારાફરતી વંચાવવાનું ફરજીયાત ડીજીટલી હતું. આજે ડીજીટલ યુગમાં બાળકો ડીજીટલ માધ્યમથી બધું જ્ઞાન મેળવી લે છે. પણ જે વાચનનો ફાયદો અને મહત્ત્વ છે એનાથી વંચિત રહે છે. વાચનનો શોખ પ્રત્યેક માવતરે સંતાન બાલ્યાવસ્થામાં હોય ત્યારથી જ કેળવવો જોઈએ. જેની શરૂઆત વાર્તા કહેવાથી થઈ શકે અને એના (સંતાનના) મનોવિશ્વમાં સાહિત્યનું બીજારોપણ થઈ શકે. વાચન વ્યક્તિને વિશાળ દષ્ટિકોણ માટે પ્રેરણા આપે છે. માનસિક વિકાસ પણ વાચન દ્વારા ઉત્તમ રીતે થઈ શકે છે અને અખબારવાચન દેશ-વિદેશના સમાચારોથી માહિતીગાર રાખે છે. સામાન્ય જ્ઞાનમાં પણ વૃધ્ધિ વાચન દ્વારા જ શક્ય બને છે. આજે મોબાઈલ યુગમાં નાનાં બાળકો કદાચ વાચનથી વિમુખ થઈ ગયા હોય એવી શક્યતા લાગે છે. મોબાઈલ પર નાનાં નાનાં બાળકો ગેઈમ રમતાં શીખી જાય છે પણ એ ટેવ અયોગ્ય તો કહેવાય જ! રમતગમત, ચિત્રકામ, ઈત્તર પ્રવૃત્તિથી દૂર થતા જાય છે. તો વાચન તો કરે જ ક્યાંથી? એને માટે માતાપિતા તથા શિક્ષકોએ જાગ્રત થવાની આવશ્યકતા છે. જેથી બાળકો, વિદ્યાર્થીઓ મોબાઈલને સર્વસ્વ ન માને. વાચન સાહિત્યપ્રેમની બુનિયાદ છે.

**સુરત - નેહા શાહ**

## સિકંદરની મહાનતા અને ટ્રમ્પની નીચતા

ટ્રમ્પે વેનેઝુએલા નામના સ્વતંત્ર અને સર્વભૌમ દેશ પર ડ્રગનું બહાનું કાઢી હુમલો કર્યો અને રાજકુટુંબના રાષ્ટ્રપતિ તેમજ તેમની પત્ની જોડે ખરાબ વર્તન કરી તેમને કેદ કરી અમેરિકા લઇ ગયા. વેનેઝુએલાના રાષ્ટ્પતિનાં પત્નીને માર મરાયો હોવાનું ફોટાઓ પરથી લાગે છે. 2026માં ભણેલા, ગણેલા કહેવાતા અમેરિકનોએ ખરો જ પરંતુ ઈતિહાસમાં આ જ ઈરાનના રાજકુટુંબની મહિલાઓ જોડે ઓછું ભણેલા સિકંદરે ઈ.સ. પૂર્વે 333ની સાલ એટલે કે 333+2026=2359 વર્ષ પહેલાં ઈરાનમાં ઈસસ નામની જગ્યાએ સિકંદરે ઈરાનના સમ્રાટ દારીયસને હરાવ્યો, દારીયસ તો નાસી છૂટ્યો પરંતુ તેની પાછળ પોતાની મા, પત્ની અને બે દિકરીઓને પણ સાથે લઈ જવાનું ભૂલી ગયો. હવે સિકંદરે દારીયસનું રાજ કબ્જે કર્યું અને સમ્રાટ દારિયસના રાજકુટુંબની મહિલાઓને ભર દરબારમાં સિકંદર સમક્ષ રજૂ કરવામાં આવ્યાં. સમ્રાટની માએ પોતાની તેમજ બીજી મહિલાઓ પર દયાભાવનાની અરજ કરી. આ અરજ સાંભળી એલેકઝેન્ડર બોલ્યો ‘તમારે એલેકઝેન્ડરથી ડરવાની કોઇ જરૂર નથી. મને દારિયસ જોડે કોઇ વ્યક્તિગત દુશ્મનાવટ ન હતી. મારે તો માત્ર તેનું રાજ જ જોઈતું હતું. ‘એલેકઝેન્ડરે આ મહિલાઓ જોડે કોઇ દુર્વ્યવહાર ન કર્યો. એ જમાનામાં વિજેતા રાજાઓ પરાજીત રાજાની રાણીઓ પર બળાત્કાર કરતા અને ઘણી નિર્દયતા દાખવતા, પરંતુ એલેકઝેન્ડરે અત્યંત માનવતા અને સૌજન્ય દાખવ્યાં, કારણ વિદ્વાન સલાહકારોના પ્રભાવ હેઠળ હતો. એ સમયે એલેકઝેન્ડર બોલેલો રાજાની મહાનતા તો પોતાના દુશ્મનોને હરાવવા કરતા, પોતાના જ ચારિત્યને સજાવવામાં રહેલી છે.

**અડાજણ, સુરત - ભરતભાઈ પંડ્યા**

## માતૃભાષા ગુજરાતીનું સંવર્ધન જરૂરી

બાલમંદિરથી માંડીને સ્કૂલ કોલેજોના તમામ લેવલે પોતાનાં સંતાનોને અંગ્રેજી માધ્યમમાં ભણાવવા માટેની વાલીઓએ દોડ લગાવી છે. ગુજરાતી માધ્યમમાં ભણાવવા હવે કોઈ તૈયાર નથી. આથી ભાવિ પેઢીમાં ગુજરાતી ભાષા લખી-વાંચી શકે એવા કોઈ રહેશે નહિ. ફક્ત ગુજરાતી બોલી શકે એવાં લોકો જ રહેશે. ગુજરાતી ભાષાનું સાહિત્ય ખૂબ સમૃદ્ધ છે. સર્જકોએ ગુજરાતી ભાષામાં અનેરું સર્જન કરેલું છે, પરંતુ તેનું વાચન મનન બંધ થઈ જશે. નવું સાહિત્યસર્જન પણ નહિ થાય. આવા સંજોગોમાં ગુજરાતી ભાષાને જીવાડવી હોય, એનું સંવર્ધન કરવું હોય તો ગુજરાત રાજ્યમાં આવેલી તમામ શાળામાં શ્રેણી-1 થી શ્રેણી-12 સુધીના દરેક વર્ગમાં એક વિષય તરીકે ગુજરાતી ભણાવવાનો કલિયર કટ કાયદો કરવો જોઈએ. પરપ્રાંતિય વાલીઓનાં સંતાનો માટે પણ એક વિષય તરીકે ગુજરાતી લોવર લેવલ ભણવાનું ફરજિયાત રાખવું જોઈએ. આ માટે તમામ શાળામાં જરૂરી લાયકાત ધરાવતાં ગુજરાતી ભાષા શિક્ષકોની કાર્યભાર પ્રમાણે પૂરતી સંખ્યામાં કાયમી સ્ટાફ તરીકે નિમણૂક કરવી ફરજિયાત કરવું જોઈએ. જો કોઈ શાળા પાલન ન કરે તો તેની સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવાની કલીયર કટ જોગવાઈ પણ કાયદામાં રાખવી જોઈએ.મહારાષ્ટ્રમાં મરાઠી ભાષાનું સંવર્ધન કરવાની તીવ્રતા જોવા મળે છે. ત્યાં દુકાનદારોએ પણ દુકાનનું બોર્ડ મરાઠીમાં રાખવું પડે છે. આપણા રાજ્યના વહીવટમાં બેઠેલાં લોકો માટે તથા શાળા સંચાલકો માટે આ કામ મુશ્કેલ નથી. ઘણું જ સરળ છે. ચાલો આપણે બધા ઝુંબેશ ચલાવીએ.

**રાંદેર રોડ, સુરત - કે.વી. નાયક**